|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ● મહા સુદ -૧૩ ● તા ૧૪-૦૨-૨૨ ● સોમવાર SDP NO:663 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

ગુજરાત CM ધોળાવીરાની મુલાકાતે : કચ્છને પ્રવાસનના વૈશ્વિક નકશામાં અંકિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ: ભૂપેન્દ્ર પટેલ

વરસાદી પાણીના સંગ્રહ અને સુનિયોજિત નગર રચનાની ૫ હજાર વર્ષ જૂની ધરોહરનો હજુ માળખાગત વિકાસ કરાશે

મુખ્યમંત્રીએ ઘડુલી- સાંતલપુર નેશનલ હાઈવેના પ્રગતિ હેઠળના કામોનું નિરીક્ષણ કર્યું છે નેશનલ હાઈવેનું નિર્માણ થતા ધોળાવીરાથી સફેદ રણ વચ્ચે નું અંતર ૮૦ કિ.મી જેટલું ઘટી જશે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વર્લ્ડ હેરિટેજ સાઈટમાં તાજેતરમાં સ્થાન પામેલા પ્રાચીન નગર સંસ્કૃતિની વિરાસત ધરાવતા ધોળાવીરાની આજે રવિવારે મુખ્ય સચિવ પંકજકુમાર સાથે મુલાકાત લીધી હતી . તેમણે ધોળાવીરામાં પુરાતન સમયમાં સુઆયોજિત નગર રચના અને ખાસ કરીને તત્કાલીન સમયે વરસાદી પાણીના સંગ્રહ માટે , જળ સંચય માટેની જે વ્યવસ્થાઓ હતી તેની પણ જાણકારી પુરાતત્વ વિભાગના અધિકારીઓ પાસેથી મેળવી હતી . મુખ્યમંત્રીએ જણાવ્યું કે , કચ્છને પ્રવાસનના વૈશ્વિક નકશામાં અંકિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આટલા ટૂંકા ગાળામાં કચ્છની આ ચોથી વખત મુલાકાત લીધી હતી .

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોળાવીરાની મુલાકાત દરમિયાન મુખ્ય સચિવશ પંકજ કુમાર અને માર્ગ મકાન સચિવ સંદિપ વસાવા સાથે ઘડુલી - સાંતલપુર નેશનલ હાઈવેના પ્રગતિ હેઠળના કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું મુખ્યમત્રીએ પુરાતત્વ વિભાગ દ્વારા ધોળાવીરાની આ પ્રાચીન ધરોહરના અવશેષો , પુરાતત્વીય વસ્તુઓની જાળવણી માટેના મ્યુઝિયમની મુલાકાત લઈને પ્રેઝન્ટેશન પણ નિહાળ્યું હતું.તેમજ અહી વસતા જાણકારો સાથે પણ વાતચીત કરી હતી .

ભુપેન્દ્ર પટેલે વિઝીટ બુકમાં પોતાનો પ્રતિભાવ નોંધતા કહ્યું કે , વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોની સફળતાને પરિણામે હવે આ સ્થળને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળતા વૈશ્વિક સ્તરે જે મહત્વ વધ્યું છે તે સંદર્ભમાં રાજ્ય સરકારે પણ આ પ્રાચીન વિરાસતનું મૂળ સત્વ અને તત્વ જાળવી રાખીને સમયાનુકુલ વિવિધ વિકાસ કામોનું આયોજન હાથ ધર્યું છે . ગુજરાતને વિશ્વના પ્રવાસન નકશામાં અંકિત કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે .

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોળાવીરાની મુલાકાત દરમિયાન મુખ્ય સચિવશ પંકજ કુમાર અને માર્ગ મકાન સચિવ સંદિપ વસાવા સાથે ઘડુલી - સાંતલપુર નેશનલ હાઈવેના પ્રગતિ હેઠળના કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું . તેમણે કુલ ૨૬૪ કી.મી ની લંબાઈના આ નેશનલ હાઈવે નંબર ૭૫૪ । ની ચાર લિંક જેમાં ઘડુલી , ધોળાવીરા , કચ્છનું સફેદ રણ અને ખાવડાનો સમાવેશ થાય છે તે લિંકના ૩૨૦ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરાઈ રહેલા માર્ગ નિર્માણ કામો નિહાળ્યા હતા .

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશા દર્શનમાં કેન્દ્ર સરકારે આ નેશનલ હાઈવેનું નિર્માણ હાથ ધરતા હવે ધોળાવીરાથી સફેદ રણ વચ્ચેનું અંતર ૮૯ કી.મી જેટલું ઘટી જશે . એટલું જ નહિ ધોળાવીરા , સફેદ રણ , માતાના મઢ , હાજીપીર અને ખાવડાને સીધી નેશનલ હાઈવેની રોડ કનેક્ટિવિટી મળતી થશે . ૧૦૦ જેટલી બોર્ડર આઉટ પોસ્ટને પણ આ કનેક્ટિવિટીનો વ્યૂહાત્મક લાભ મળશે .

૧૪ ફરવરી- માતૃ પિતૃ પૂજન દિવસ

अखिल भारतीय कच्छ कड़वा पाटीदार युवासंघ और शाश्वत फाउंडेशन के संयुक्त उपक्रम से १४ फरवरी २०२२ शाम ५:०० बजे हावरे गार्डन सेक्टर २० में मातृ-पितृ पूजन कार्यक्रम का आयोजन किया गया है।

आप सभी इस अवसर पर सादर आमंत्रित है और साथ हमारे वरिष्ठ नागरिक मातृ पितृगण को भी हृदय पूर्वक आमंत्रित करते हैं

अपने साथ अपने परिचीत ज्येष्ठ आदरणीय जन को अवश्य लाए व हमें उनके पूजन का अवसर देकर कृतार्थ करे।

हावरे गार्डन, सेक्टर २० खारघर नवी मुंबई

Con- ૯૭૬૯૨૨૩૯૯૯.

અંજુ ધોળું, સામાજિક અને આધ્યાત્મિક મિશન..

આજ બ્લેક ડે, પુલવામાં એટેકની ત્રીજી વર્સરી

Pulwama Attack Anniversary : ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ જૈશના આત્મઘાતી હુમલામાં CRPF ના ૪૦ જવાન શહીદ થયા હતા

ગત રોજ ૧૩ ફેબ્રુઆરી વિશ્વ રેડિયો દિવસ : ભુજ આકાશ'વાણી'કેન્દ્રના વળતા ' પાણી ...' રિલે કેન્દ્ર બનાવવાની હિલચાલ , હવે સ્ટેશન જ બંધ કરવાની પેરવી ?

એક સમયે રેડિયો કાર્યક્રમોનો દબદબો હતો , જેનું સ્થાન ટેલિવિઝને લીધું

● ભુજથી પ્રસારિત થતા કાર્યક્રમો ધીરે ધીરે ઘટતા ગયા

વંદે માતરમના સૂરીલા ગાન સાથે શરૂ થતા આકાશવાણી ભુજ કેન્દ્રનો ભવ્ય ભૂતકાળ હતો . ટેલિ વિઝન પ્રસારણ શરૂ થતાં ધીરે ધીરે રેડિયોનો યુગ અસ્ત ભણી ધકેલાઇ રહ્યો છે . કચ્છમાં શ્રોતાઓને એક સમયે ઝકડી રાખતા ભુજ કેન્દ્રનું પ્રસારણ જ હવે બંધ કરવાની હિલચાલ થઇ રહી છે . સરહદી જિલ્લાની દ્રષ્ટિએ રેડિયો સ્ટેશન આવશ્યક હોતાં તેને રિલે કેન્દ્ર બનાવવું ઉચિત નહીં રહે તેમ શ્રોતાઓ જણાવી રહ્યા છે.

વર્ષ ૧૯૬૫ ની ૧૦ ઓક્ટોબરથી શરૂ થયેલા ભુજ કેન્દ્રના પ્રસારણે જે તે સમયે કચ્છના લોક સાહિત્ય અને કલાકારોને આગવી ઓળખ આપી હતી . માત્ર ગુજરાતી નહીં પણ કચ્છી અને સિંધી કાર્યક્રમો રજૂ કરીને બહુવિધ સામગ્રી પીરસી . બાળકો માટે કિલોલ અને ફોરમતા ફૂલડા, બહેનોના મહિલા જગત તેમજ ગ્રામલક્ષ્મી, યુવા વર્ગનો યુવવાણી સહિતના કાર્યક્રમો તો રવિવારે ફિલ્મી ગીતો પર આધારિત આપની પસંદ , સાંજે ભા ભેણે કે રામ રામ સાથે શરૂ થતો ગામ જો ચોરો કાર્યક્રમના પ્રસારણની શ્રોતાઓ રાહ જોતા . આ ઉપરાંત રેડિયો નાટકની શ્રેણીઓ પણ બહુ લોકપ્રિય બની હતી .

ત્રણથી ચાર દાયકા સુધી શ્રોતાઓને ઝકડી રાખનારા કાર્યક્રમોની લોક પ્રિયતા ધીરે ધીરે ઘટી ગઇ છે તેવું બહાનું ધરીને કેન્દ્રમાંથી પૂર્ણ કાલિન રીતે થતું પ્રસારણ જ સાવ બંધ કરીને રિલે સ્ટેશન બનાવવાની અગાઉ પણ હિલચાલ થઇ હતી . ત્યારે કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ ઉચ્ચકક્ષાએ કરેલી રજૂઆત સફળ રહી હતી . એક સમયે પાડોશી દેશનું ટેલિવિઝન અને રેડિયો પ્રસારણ સાથે થતું સાંસ્કૃતિક આક્રમણ ખાળવા સત્તાધિશો સતેજ બન્યા હતા . ફરી એકવાર સરહદી કચ્છના રેડિયો સ્ટેશનને બંધ કરવાની ગતિવિધિઓ થઇ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

જો આમ થશે તો સરહદી વિસ્તારની રીતે આ નિર્ણય યોગ્ય નહિ ગણાય તેમ શ્રોતાઓનું કહેવું છે .રિલે સ્ટેશન થવાની વાત પાયા વિહોણી શ્રોતાઓને વૈવિધ્ય મળે તે હેતુથી ચોક્કસ દિવસની વહેંચણી કરાઇ છે તે અન્વયે ગામનો ચોરો , યુવવાણી સહિતના કાર્યક્રમો ભુજ સ્ટેશનને ફાળવાયા છે જેનું પ્રસારણ અગાઉ ભુજ પૂરતું સીમિત હતું પણ હવે રાજયભરમાં પ્રસારિત કરાય છે તેમ કહેતાં સ્ટેશન ડાયરેક્ટર પ્રેરક વૈધે હાલે રિલે સ્ટેશન બનાવવાની કોઇ વાત જ નથી તેમ કહીને સ્પષ્ટ રદિયો આપ્યો હતો . મોટા ભાગના કર્મચારીઓ કોન્ટ્રાક્ટ બેઝ પર લોકોને લાગે વળગે છે એવા રેડિયો પર ઉદઘોષણા કરતા ઉદઘોષકો અને સ્થાનિક સમાચારના વાચકો પૈકીના કોઇ પણ આકાશવાણીના કાયમી કર્મચારી ન હોતાં કોન્ટ્રાક્ટ બેઝ પર ફરજ બજાવે છે . વહીવટી વિભાગ , પ્રોગ્રામ સેક્શન ટ્રાન્સમિશન સહિતના વિભાગમાં જ કેટલાક કાયમી કર્મચારી ફરજરત છે .

હરદાસબાપાની ૩૩૦મી નિર્વાણતિથિ ઉજવાશે

અ. ભા. ભૃગુ ગોત્રિય સનાતન લીંબાણી પરિવારના હરદાસબાપાની ૩૩૦મી નિર્વાણતિથિ તા. ૨૮/૪ અને ૨૯/૪ બે દિવસ ઉજવાશે.

ચૈત્ર વદ -૧૩ ગુરુવાર તા.૨૮-૦૪-૨૨ સવારે ૭:૩૦કલાકે યજ્ઞ - હવન નો કાર્યક્રમ યોજાશે જેમાં મહોત્સવ ના મુખ્ય યજમાન તથા અન્ય સહયોગી યજમાનો બેસશે સહયોગી યજમાન થવા ઈચ્છુકોએ રૂ.૫૧૦૦ દાન નોંધવી તા. ૨૦-૦૪-૨૨ સુધી માં મહામંત્રીશ્રી ના મો. ન.૯૪૦૮૨૦૩૩૬૬, ૭૦૧૬૩૭૭૩૨૦ ઉપર વહેલાં તે પહેલાં ના ધોરણે નામ નોંધાવી શકશે. એજ દિવસે બપોર પછી ૩.૩૦ કલાકે પરિવાર ની કારોબારી સભા મળશે.

બીજા દિવસે ચૈત્રવદ -૧૪ ને શુક્રવાર તા. ૨૯-૦૪-૨૨ ના સવારે પુ.દાદા ના સ્થાનકે પૂજા, અર્ચના, આરતી, પ્રસાદ અને નૂતન ધજારોહણ, બાદ પ્રથમ નિયાણીઓને ભોજન પ્રસાદ દાન - ભેટ અર્પણવિધિ થશે તેવું સંસ્થાના મહામંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ લીંબાણી ની યાદી માં જણાવ્યું છે.



ભારતીય બાળકોને ભારતનો સાચો ઇતિહાસ ભણાવવામાં આવશે

- હરિકૃષ્ણ શાસ્ત્રી

સમાચાર આવી ગયા છે કે હવે ભારતીય બાળકોને ભારતનો સાચો ઇતિહાસ ભણાવવામાં આવશે.

તો શું અત્યાર સુધી સ્વતંત્ર ભારતમાં આપણે બધા ૫૦થી ૯૦ના દાયકામાં જન્મ લેનારાઓ શાળાઓમાં જે ભણી ગયા, ઇતિહાસ જૂઠો હતો? હા !

જરા આંચકો આવે એવી વાત તો છે જ, એ ઇતિહાસ સંપૂર્ણ જૂઠો જ હતો, તેમ કહેવું, તેને બદલે એમ કહીશું કે તેમાં સત્ય, અર્ધ સત્ય અને અસત્યનું ખૂબીપૂર્વકનું મિશ્રણ હતું.

ભારતીય ઋષિ વૈજ્ઞાનિકો દ્વારા આવેલા આવિષ્કારોની વાતો ક્યાંય પણ ભણ્યા હો, તેવું કશું યાદ આવે છે?

વેદ અને ઉપનિષદ ગ્રંથોનાં ઇતિહાસ પાત્રો અને તેમના મૂલ્યોની પ્રેરક કથાઓમાંથી કોઈ નામ યાદ આવે છે, જે આપણને ભણવામાં આવ્યા હોય?

પૌરાણિક સાહિત્યમાં જીવન નિર્માણનાં સૂત્રો આપનારા વ્યાસ કે વાલ્મિકના યોગદાનની ભારત પર પડેલી પ્રગાઢ અસરનો કોઈ પાઠ યાદ આવે છે?

ચરક અને સુશ્રુત દ્વારા અપાયેલા સ્વાસ્થ્યનિર્માણના સિદ્ધાંતો, અને તત્કાલીન ગર્ભવિજ્ઞાન ઉપરના ઊંડાં સંશોધનોનું કોઈ ઋણ અદા થયું હોય, તેવી કોઈ પળ શાળામાં વીતાવી હોય તેવું યાદ આવે છે?

શિલ્પ ,સ્થાપત્ય, સંગીત, ધાતુવિદ્યા, અર્થશાસ્ત્ર અને રાજનીતિના ગ્રંથોમાં જણાવાયેલ ભારતીય આવિષ્કારો, આખી દુનિયાને આકર્ષીને ભારત ભેગા કરતા, તે વિદ્યાઓના પુરસ્કર્તાઓને પ્રેમથી યાદ કર્યાનું યાદ આવે છે?

બાબર અને હુમાયુથી માંડી ઔરંગઝેબ સુધીની વંશાવલી આપણે ભણી, તો ભલે ભણી. પણ મહારાણા પ્રતાપના પિતામહ બાપ્પા રાવલથી માંડી મિહિરધ્વજ પ્રતિહાર છેક અરબસ્તાન સુધી જઈને મુસ્લિમ આક્રાન્તાઓને માત્ર પાંચ ગુફાઓ સુધી સીમિત બનાવી દીધા હતા, તે ઇતિહાસ કેમ બાળકો સુધી એટલે કે આપણા સુધી પહોંચાડવામાં નહોતો આવ્યો?

સને ૮૩૬ માં બાપ્પા રાવલે આક્રાંતાઓની પાછળ પડી અફઘાન પ્રાંતો સુધી, છેક તેની ગાદી સુધી જઈને તેને પરાસ્ત કર્યા હતા, અને એ ખલીફાએ તેમની પાસે પોતાના પ્રાણોની ભીખ માગવી પડી હતી તે આપણને અત્યાર સુધી કેમ ભણાવવામાં નહોતું આવ્યું?

નાગભટ્ટ પ્રતિહાર અને મિહિરભોજ પ્રતિહારે આવા મોગલ ક્રૂર આક્રાંતાઓ અને કબીલાઓને કંપાવ્યા હતા, તે શૂરવીરોની ગાથાઓને દફન કરીને માત્ર ભારતના પરાજયનાં જ મરશિયાં કેમ સંભળાવવામાં આવ્યા હતાં?

ભેળસેળ માત્ર દૂધ, હળદર, મરચાં પાઉડર કે ચાની ભૂકીઓમાં જ નથી થતી. અહીં એવા એવા રાષ્ટ્રગદ્દારો પણ પાક્યા છે, જેમણે આપણા લોહીમાં વહેતી સાંસ્કૃતિક ધારાઓને સૂકવી દેવાનાં પાપ જાણીજોઈને કર્યાં હતાં.

તેમનાં નામો આપવામાં અને તથ્યો સંકોરવામાં વિવાદોને જન્મ આપવો પડશે, એટલે એન.સી.ઇ. આર.ટી. (NCERT) દ્વારા હવેના નવા, પણ સાચા ઇતિહાસક્રમની પ્રમાણિકતા ઉજાગર થવા માટે સરકારી મહોરછાપનું વેઈટીંગ કરવું જ હિતાવહ છે....

અંગ્રેજ ઇતિહાસકારોએ જગ્યા મળી ત્યાં, સમય મળ્યો ત્યારે, તકો શોધી શોધીને ભારતીય જ્ઞાનના આદિ સ્રોત એવા ચાર ચાર વેદોને માત્ર ×આદિવાસીઓનાં ગામડિયાં ગીત× કહીને ભારતીયોને જંગલી કહીને વારંવાર વગોવ્યા છે, તેનો ખ્યાલ મહાન વાચક અને દુનિયા ડોલાવનાર સંતવિભૂતિ સ્વામી વિવેકાનંદજીને સમયસર આવી ગયો હતો.

અલવરમાં એમણે રસ ધરાવતા યુવાનોને સંસ્કૃત શીખવવાનો આરંભ કર્યો હતો. એક વાર એમણે અંતરની અકળામણ આ શબ્દોમાં વ્યક્ત કરી હતી, કે ×મૂર્ખતાને કાયમ માટે છોડો. જરા આંખો બરાબર ખોલીને જુઓ,

શું શીખવ્યું છે આપણા ગ્રંથોમાં? સાથે પશ્ચિમના વિજ્ઞાનનો પણ અભ્યાસ કરો. આપણો ભારતનો ઇતિહાસ કડીબદ્ધ મળતો નથી, અને મળતો હશે તો ક્યાંય દફનાવી દેવામાં આવ્યો હશે. આથી અંગ્રેજોએ લખેલા ઇતિહાસને આપણે માથે મારવામાં આવી રહ્યો છે, અને તે જ ઇતિહાસે આપણા મનને નબળાં બનાવ્યાં.

કેમકે એ ઇતિહાસમાં માત્ર અને માત્ર આપણા અધઃપતનની વાત જ વારેવારે ઠસાવવામાં આવી છે. જે પરદેશીઓને આપણી ખૂબીઓ અને ખામીઓ, રીતિ અને રિવાજો, ધર્મ અને તત્ત્વજ્ઞાનની લેશમાત્ર ગતાગમ નથી, તેઓ શી રીતે ભારતનો ઇતિહાસ લખી શકે? તેઓ આગળ કહે છે કે 'એવા તથાકથિત ઇતિહાસમાં ખોટા વિચારો અને જૂઠાં અનુમાનો આવી જ ગયા હોય, તે નિશ્ચિત છે. ભારતનો ઇતિહાસ ભારતના જ લેખકોએ લખવો જોઈએ. એટલે મારા યુવાન મિત્રો, આપણા સુપ્ત અને ગુપ્ત ખજાનાને વિસ્મૃતિમાં સરી જતો અટકાવવાના પુરુષાર્થમાં લાગી જાઓ...

તમને એ જાણીને નવાઈ લાગશે કે એવા અકોણા ઇતિહાસકારોએ જે ભાંગરા વાટ્યા છે, અને ભારતીય ઇતિહાસ સાથે છેડછાડ કરીને ભારતીય માનસને કમજોર, અજ્ઞાની, ભિખારી લક્ષણો વાળું અને અતાર્કિક બતાવીને વેદ, તેનાં અંગો,ભારતીય કળાઓની ઠેકડી ઉડાડી છે, તેની સામે એક અંગ્રેજે જ અવાજ ઉઠાવ્યો હતો, અને તે લેખક હતો જહોન કી. તેનું પુસ્તક ×ઇન્ડિયા ડિસ્કવર્ડ× માં તેણે ભારત માટે પૂર્વગ્રહથી પીડાતા લેખકોની જૂઠી વાતોનો બહુ સારી ભાષામાં ભંડાફોડ કર્યો છે. મેકોલે જ્યારે બ્રિટનની પાર્લામેન્ટમાં ગાજીને બોલતો કે હિન્દુ ધર્મગ્રંથોમાં ઇંગ્લેન્ડના બાળકોની પ્રાથમિક ચોપડીઓ કરતાં પણ ક્ષુલ્લક બાબતો લખાઈ છે. અને એટલે જ સમગ્ર ભારતમાંથી સંસ્કૃત ભાષાને લુપ્ત કરી નાખવી જોઈએ !

તેનાં આવાં વિધાનોથી તાળીઓના ગડગડાટ વરસતા, અને એમાંથી જ જેમ્સ મીલ જેવા ભારતવિરોધી ઓફિસરોનો કાફલો ભારત તરફ વહેતો હતો.

ત્યાંથી જ ભારત માટે જૂઠું વાંચીને આવતા એ પૂર્વગ્રહીઓની નોંધમાં યત્ર તત્ર સચવાયેલું પડ્યું છે કે ભારતીય રેલ માર્ગોના નિર્માણના બહાને એવા રસ્તાઓ પસંદ કરાયા હતા જેમાં વચ્ચે કોઈ ને કોઈ ઐતિહાસિક ઇમારતો આવતી હોય, અને તેને ફરજિયાત તોડવી પડે!

બ્રિટિશ ઓફિસરો કોઈ દેશી રાજ્યોની જૂની ઇમારતોમાં ઉતારો કરવા તેને ભાડે રાખતા, ત્યારે ભીંતો ઉપર ચીતરેલાં મૂલ્યવાન - રામ શબરી કે કૃષ્ણ-અર્જુન જેવા સાંસ્કૃતિક પેઇન્ટિંગ ઉપર ચૂનો ચોપડી કે હથોડા મારી તેનો નાશ કરીને જલસો મનાવતા...જો કે સર વિલિયમ જોન્સ, જેમ્સ પ્રિન્સેપ, ફર્ગ્યુસન અને હૉજેસ જેવા તટસ્થ અંગ્રેજોએ એવા અફસરોના કાન આમળવાના શરૂ કર્યા હતાં.

પણ આખરે સ્વતંત્ર થઈ ગયેલા ભારતમાં પણ એવા એવા લોકોએ શિક્ષણતંત્ર હાથમાં લીધું (એ નામોની યાદી પણ આંચકો આપે તેવી છે) કે આપણા બાળકોના દિલમાંથી રાષ્ટ્રની અસ્મિતા જેવી ભાવના સુકાઈને વરાળ બની જાય...

ભારતના ભાવિ નાગરિકોની નસોમાં વહેતું સાંસ્કૃતિક વિરાસતનું ગૌરવ શૂન્ય પર થઈને માઈનસના તાપમાને જતું રહે. સ્વતંત્ર ભારતના સાત દાયકા વીત્યા પછી જો આ વિષય ઉપર સરકાર પગલાં લઈ રહી છે, તો ભારતને ભારત બનાવી રાખનાર અનેક મૂલ્યોની સ્થાપનાનું કાર્ય શરૂ થશે, તેવી આશા બાંધી શકાય. એટલું જ નહીં, એ નરબંકાઓને સાચી અંજલિ આપી ગણાય, અને મુરલીમનોહર જોશી જેવા વિદ્વાને આ માટે વર્ષો સુધી કરેલી સુપ્રિમ કોર્ટ સુધીની મહેનત લેખે લાગે.

બાકી તો આપણે પરિવાર કે દેશના બુલંદ ઇતિહાસ-વારસાની ઉપેક્ષા કરીને શું મેળવી રહ્યા છીએ, ખબર છે ?

ગુજરી હુઈ દાસ્તાં દફન ક્યા કર દી તુમને!

અપની હી માં કે ખૂન સે કટાર ભોગો દી તુમને!!

સાચું લાગે તો અમલ કરીએ, ખોટું લાગે તો ડિલિટ કરીએ



આપણા હિન્દુ સમાજ માં (તેમજ આપણી સમાજ માં પણ) હમણા હમણા દાઢી રાખવા નો ક્રેઝ બહુ વધ્યો છે તો આપણ ને ઓળખવા મુશ્કેલી થાય છે માટે હિન્દુ હોવાને નાતે (સનાતની હોવાના નાતે) હિન્દુત્વ ની નિશાની રૂપી કપાળ માં તિલક અથવા ચાંદલો કરીએ

બધા આપણી ડુપ્લીકેટ કરી શકશે પરંતુતિલક કે ચાંદલા ની ડુપ્લીકેટ કોઈ નહિ કરી શકે માટે જાગીએ હિન્દુ (જાગીએ સનાતની) અને અમલ કરીએ.

અહો આશ્ચર્યમ!

પોતાની જાતને "સનાતની હિન્દુ" કહેનારા મહાત્મા ગાંધીની હત્યાના સાત ગુનેગારોમાં પાંચ તો બ્રાહ્મણ હતા:

(૧) નથુરામ ગોડસે

(૨) ગોપાલ ગોડસે

(૩) નારાયણ આપ્ટે

(૪) વિષ્ણુ કરકરે

(૫) દત્તાત્રેય પરચુરે

ગ્રંથને બદલે ગન....નું શાસ્ત્રને બદલે શસ્ત્ર....નું મહિમા મંડન.!

-હેમંતકુમાર શાહ

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા. ૧૧/૦૨/૨૦૨૨ શુક્રવાર
સ્વ. મંજુલાબેન રમેશભાઈ મૈયાત ઉંમર : ૬૨ વર્ષ
કચ્છ માં ગામ : ઘડુલી (LK) હાલે : કડી (ગુજરાત)

સ્વ.હીરજીભાઈ વાલજીભાઈ નાથાણી(રામાણી) ઉંમર:૯૩ વર્ષ,
કચ્છમાં ગામ : નખત્રાણા હાલમાં : નાગપુર
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

તારીખ:૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ રવિવાર
સ્વ. અરવિંદભાઈ પ્રેમજીભાઈ લિંબાણી ઉંમર : ૫૫ વર્ષ,
કચ્છમાં ગામ : દેસલપર (ગુંતલી) હાલમાં : નાગોલ, હૈદરાબાદ

તા. ૧૨/૦૨/૨૦૨૨ ને શનિવાર
સ્વ. પ્રેમજીભાઈ સોમજીભાઈ ચૌધરી, ઉંમર : ૮૮ વર્ષ
કચ્છમાં ગામ : પાનેલી હાલે : હાલોલ
અવસાન કારણ : ઉંમર, અવસ્થા

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....

આજે ઉજવીએ ૧૪ ફેબ્રુઆરી માતૃ-પિતૃ પૂજન દિવસ - કચ્છ પૂર્વ રિજીયન

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ.....

૧૪ ફેબ્રુઆરી એટલે પ્રેમ અભિવ્યક્ત કરવાનો દિવસ. પશ્ચિમી દેશોમાં સંત વેલેન્ટાઈન ની યાદમાં ઉજવવામાં આવતો જે હવે વેલેન્ટાઇન ડે નું ભારતમાં પણ અનુકરણ કરવામાં આવી રહ્યું છે. ખબર નથી કોણ વેલેન્ટાઈન પણ બસ પ્રેમ નો એકરાર કરવો છે એજ માત્ર જાણકારી.

દેશની ભાવિ પેઢી ગણાતા યુવાધન વેલેન્ટાઇન-ડે ની આતુરતા થી રાહ જોતા હોય છે. વેલેન્ટાઇન ડે ની ઉજવણી પશ્ચિમી દેશનું અનુકરણ છે અને તેની ઉજવણી પર પ્રતિબંધ મૂકવા માટે કેટલાક સંગઠનો દ્વારા ભૂતકાળ માં વિરોધ પણ કરવા માં આવ્યો છે. પરંતુ વર્તમાન સમય નું યુવાધન દેશની ભવ્ય સનાતની સંસ્કૃતિ થી વિમુખ જઈ આ અંધાનુકરણ થી પ્રભાવિત થઈ રહ્યું છે. આવા સમયે આપણને આપણી સનાતની સંસ્કૃતિ અને સંસ્કારો ને જાળવી રાખવા માટે આપણા બાળકોને બાલ્યાવસ્થાથી જ ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવાની જરૂર છે, તે હેતુ સ્વ-સંસ્કૃતિ ના રક્ષણ અર્થે ૧૪ ફેબ્રુઆરીના રોજ માતા-પિતા (માતૃ - પિતૃ) પૂજન દિવસ તરીકે ઉજવીએ અને સૌને આ સુંદર સંદેશ પાઠવીએ.

નીતિ જેની નિઃસ્વાર્થ ભરી,
આ એવી પરમ પાવન જોડી મા-બાપની.
ચૂકવી ના શકાય ઋણ જેનું આ એવી દિવ્ય જોડી મા-બાપ ની.
નમે છે ભગવાન પણ હાથ જોડી, આ એવી પૂજનીય જોડી મા-બાપ ની.
મંદિર, મસ્જિદ કે ચર્ચ ની ક્યાં જરૂરત છે?
આ એવી શ્રેષ્ઠ જોડી મા-બાપ ની.

માતા પિતા એ આપેલા સંસ્કાર અને આશીર્વાદ એ કુટુંબ અને સમાજ રૂપી ઈમારતની ઈંટ, રેતી અને સિમેન્ટ છે.

ચાલો આપણે સૌ પણ સાથે મળીને ઉજવીએ ૧૪ ફેબ્રુઆરી ના દિવસને માતૃ-પિતૃ પૂજન તરીકે, આપણી સ્થાનિક સમાજ, યુવા મંડળ અને મહિલા મંડળ સાથે આપણા સંપૂર્ણ પરિવાર સાથે વિશેષ બાળકો સાથે આ કાર્યક્રમને ઉજવીએ અને જાળવી રાખીએ આપણી સનાતની સંસ્કારોને અને સંસ્કૃતિને.

કદર કરજો, નમન કરજો, ને ધન્ય બનજો.....

મોહન વાસાણી,
સામાજિક અને આધ્યાત્મિક સમિતિ કન્વીનર.
પૂર્વ કચ્છ રિજીયન


H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIER